Gujarat Police
ગુજરાત પોલીસ

# Gujarat Police

From the Office of DG & IG of Police
Police Bhavan, Sector 18, Gandhinagar: 382 007
Tel: 079-23259989/23256470 Fax: 23246329

ફ્રાઇમગાંનો

**પરિપત્ર**

ક્રમાંક:જી.1/ક્રાઇમ/ટે.૩/8425/2018, તારીખ: 24/8/2018

રાજયમાં નશાબંધી નિતીના ચૂસ્તપણે અમલ પ્રત્યે સંપૂર્ણપણે કટીબધ્ધતા દર્શાવતા ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 માં કરાયેલ કાયદાકીય સુધારાઓ સંદર્ભે તા.19/5/2018 ની પરિપત્રિત સૂચનાઓ ઉપરાંત આ કાયદા હેઠળ નોંધાતા ગુન્હાઓ નોંધતી વખતે તથા આ ગુન્હાની તપાસ દરમ્યાન નીચેની બાબતોની કાળજી રાખવાની રહેશે.

I. ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 અન્વયે નોંધવામાં આવતી શ્રી સરકાર તરફેની ફરિયાદ, જેમા ભારતીય બનાવટના વિદેશી દારૂના કેસમાં ''પરપ્રાંતિય દારૂ'', ''અંગ્રેજી દારૂ'', ''ઇંગ્લીશ દારૂ'' વગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે.

જેના સ્થાને,

- ''ભારતીય બનાવટના વિદેશી દારૂ''(INDIAN MADE FOREIGN LIQUOR(IMFL),) શબ્દ પ્રયોગ કરવો.
- કાયદાકીય રીતે ઉપયોગમાં લેવાતા પરીભાષિત શબ્દોનો જ પ્રયોગ કરવા સૂચના છે.

II. ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 અન્વયે નોંધવામાં આવતી શ્રી સરકાર તરફે ફરીયાદમાં પંચનામાની વિગતો દર્શાવતી વખતે, મોટાભાગે પંચોનાં પૂરા નામ-સરનામાનો ઉલ્લેખ કરવામાં આવતો નથી, પરંતુ ''પંચો રૂબરૂ'' લખવામાં આવે છે. જેના કારણે ટ્રાયલ દરમ્યાન આ ફરીયાદ તથા પોલીસે કરેલ કાર્યવાહીને પ્રબળ સંદેહાત્મક સ્વરૂપે જોવામાં આવે છે. જેનો સંપૂર્ણ લાભ આરોપીને મળે છે.

જેના સ્થાને,

- ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 અન્વયે લેવાતી ફરીયાદમાં પંચનામાની વિગતો સહિત, પંચોનાં પુરા નામ સરનામાની વિગતો બિનચૂકપણે દર્શાવવાની રહેશે.

III. ગુજરાત નશાબંધી અધિનિયમ-1949, ની ક-98(2)ની કાર્વયાહી કરતી વખતે ક-99 ની જોગવાઈઓ અવશ્યપણે ધ્યાને રાખી, કાર્યવાહી કરવાની રહેશે.

- ગુજરાત નશાબંધી અધિનિયમ-1949, ની ક-98 તથા પેટા કલમો નો અભ્યાસ કરી, ક-98 (2) મુજબની કાર્યવાહી સમયે ગુન્હામાં પ્રતિબંધિત/ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂનાં પરીવહન અર્થે ઉપયોગમાં લેવાયેલ વાહન અંગે સંપૂર્ણ વિગતો જેવી કે, વાહનમાલિકનું નામ-સરનામું, એન્જીન-ચેસીસ નંબર, વાહન ચાલકની વિગતો, રજીસ્ટ્રેશન બુક, બેંક લોન-ઇન્સ્યોરન્સની વિગતો એકત્રિત કરી, વેરીફાઇ કરી, દસ્તાવેજી પુરાવા તરીકે તપાસના કામે સામેલ રાખવી.
- જે ગુન્હામાં વાહનમાલિક જ વાહનચાલક તરીકે ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂનું પરિવહન કરતો પકડાયેલ હોય, તે ગુન્હામાં કબ્જે લેવાયેલ વાહન ગુજરાત નશાબંધી અધિનિયમ -1949, ની ક-98(2) મુજબ ખાલસા થવા માટેનો યોગ્ય કેસ બને છે.

- જે ગુન્હામાં વાહનચાલક તથા વાહનમાલિક અલગ વ્યક્તિઓ છે, ત્યારે વાહનચાલક-વાહન માલિક અને ભારતીય બનાવટના વિદેશી દારૂનાં સપ્લાયર/રિસીવર વચ્ચેનો સંબંધ (સભાનપણે ગુન્હામાં સંડોવણી) એટલે કે, ધંધાકીય/આર્થિક લાભ મેળવવાની ગુન્હાહિતવૃતિ પ્રસ્થાપિત કરતી, તમામને એકબીજા સાથે સાંકળતી કડીઓ એકત્રિત કરવી. આ સંદર્ભે દસ્તાવેજી તથા ટેકનીકલ પૂરાવા મેળવવા, જેનાથી ક. 98(2) મુજબ સંલગ્ન ગુન્હાઓમાં કબ્જે કરેલ વાહન ખાલસા કરવા માટે યોગ્ય બને.

- વાહન સંદર્ભે સૂચવાયેલ વિગતવારની તપાસ થયેથી ગુન્હાના કામે કબ્જે લેવાયેલ વાહનને આરોપી પક્ષ તરફથી પરત મેળવવા Cr.P.C. કલમ-451 મુજબ કરાયેલ અરજી પરત્વે ચોક્કસ અને પુરાવા સાથેનું સોગંધનામું સંલગ્ન નામદાર કોર્ટમાં કરી શકાશે.

- કબ્જે લેવાયેલ વાહન બાબતે ઉપરછલ્લી કે અપૂરતી તપાસના કારણે ગુન્હામાં સંડોવાયેલ આરોપી/અરજદારને વાહન પરત મેળવવામાં લાભ મળતો હોય છે.

**જેથી, ઉપરોક્ત મુદ્દાની તપાસ દરમ્યાન જવાબદારી પૂર્વક કાર્યવાહી કરવાની રહેશે.**

IV. ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 ની કલમ-116(B), અન્વયે ભારતીય બનાવટના વિદેશી દારૂનાં ગુન્હામાં અનુમાન આધારે કલમ-116(B) નો માત્ર ઉલ્લેખ કરી, સંતોષ માની લેવાય છે. પરંતુ અનુમાન પુરવાર કરવાની દિશામાં યોગ્ય તપાસ કરવામાં આવતી નથી. જેના કારણે ટ્રાયલ વખતે પુરાવાના અભાવનો લાભ આરોપીને મળે છે.

જેથી,

- કલમ-116(B) મુજબનાં અનુમાનને પુરવાર કરવા સંલગ્ન ડિસ્ટીલરીઝ/કંપનીના અધિકારીનું નિવેદન મેળવી, તપાસના કામે સામેલ રાખવું.
- કલમ-116(C) ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 માં જણાવ્યા મુજબ કબ્જે લેવામાં આવેલ સેમ્પલ FSL માં મોકલી, તે અંગેનો અભિપ્રાય મેળવવો.

(અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય બનાવટના વિદેશી દારૂનાં ગુન્હામાં કબ્જે લેવાયેલ સેમ્પલ ચકાસણી અર્થે FSL માં મોકલવામાં આવતા નથી. તેવી જ રીતે મોટા ભાગના ગુન્હાઓમાં ડિસ્ટીલરીઝ/કંપનીનાં અધિકારીના નિવેદનો ગુજરાત નશાબંધી અધિનિયમ-1949, ક.-116(B) નાં સંદર્ભે નોંધવામાં ન આવતા હોવાના કારણે સંલગ્ન ગુન્હામાં કબ્જે લેવામાં આવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનાં બાબતે સ્પષ્ટ પુરાવો ઉપલબ્ધ ન હોવાથી, ગુન્હોઓ સાબિત કરવાની શક્યતાઓ નહિવત થઈ જાય છે.)

V. ગેર કાયદેસર રીતે પરીવહન કરાતા INDIAN MADE FOREIGN LIQUOR (IMFL) સંદર્ભે ગેર કાયદેસર (IMFL) જે રાજયમાંથી લઈ આવવામાં કે પહોંચાડવામાં આવતો હોય, તે રાજય/કેન્દ્રશાસિત પ્રદેશમાં (IMFL) ના વેચાણ, પરીવહન, નિકાસ અંગેના જાહેરનામા બહાર પાડવામાં આવેલા હોય છે. જેથી, સંલગ્ન રાજય/કેન્દ્રશાસિત પ્રદેશનાં ઉપરોકત જાહેરનામા મેળવી, ગેર કાયદેસર રીતે પરીવહન કરાતા (IMFL) ના ગુન્હાની તપાસ સંદર્ભે ઉપયોગી, જરૂરી અને લાગુ પડતી વિગતો મેળવી તપાસ હાથ ધરવી. જેનાથી પકડાયેલ (IMFL)નાં મૂળ ઉત્પાદક પરીવહન કરનાર, વેચનાર, ખરીદનાર/સંગ્રહ કરનાર વગેરેના મૂળ સુધી પહોંચી શકાશે. જેનાથી આ અધિનિયમ હેઠળના ગુન્હાઓને નિ:શંકપણે પુરવાર કરવામાં મહદઅંશે સફળતા પ્રાપ્ત કરી શકાશે.

(3)

**VI. ગુજરાત નશાબંધી અધિનિયમ-1949 ની કલમ-117(A) માં પંચોની યાદી જાળવવા બાબત સૂચવાયેલ છે. જે સંદર્ભે ગુજરાત નશાબંધી (પંચ સાહેદ) નિયમો, 1979(The Gujarat Prohibition (Panch Witnesses) Rules-1979) ઘડવામાં આવેલ છે. (જે એનેક્ષર-A માં સામેલ છે.) જેની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે. તે મુજબની કાર્યવાહી તમામ કમિશનરેટ /જિલ્લા પોલીસ વડાઓએ કરવાની રહેશે. જેમા,**

- યોગ્ય પ્રસંગે, પોલીસ કમિશનર કે જિલ્લા પોલીસ સુપ્રિટેન્ડન્ટને એમ લાગે કે કોઈ ગામ, નગર, મ્યુનિસિપલ બરો અથવા શહેરોમાં કે તેની કોઈ સત્તામાં, આ કાયદા હેઠળ ઝડપી લેવા અને ગુનાની તપાસ સાથે સંકળાયેલા એવા બીજા હેતુઓ માટે પંચ સાક્ષીઓ તરીકે કામ કરવાને જવાબદાર સ્થાનિક વ્યકિતઓની યાદી રાખવી જરૂરી છે, તો યથાપ્રસંગ, પોલીસ કમિશનર, કે જિલ્લા પોલીસ સુપ્રિટેન્ડન્ટને ક્રમોનુસાર એવા ગ્રામ નગર, મ્યુનિસિપલ બરો કે શહેરની ગ્રામ પંચાયતને, નગર પંચાયતને, નગરપાલિકાને અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનને એવા ગ્રામ, નગર, મ્યુનિસિપલ બરો, શહેર કે તેના કોઈ લત્તા માટે એવી યાદી તૈયાર કરવા અને જાળવવા માટે વિનંતી કરી શકાશે. અને તે ઉપરથી એવી યાદી તૈયાર કરવાની અને જાળવવાની એવી પંચાયત, નગરપાલિકા કે મ્યુનિસિપલ કોર્પોરેશનને ફરજ પાડી શકાશે.

- એવી કોઈ યાદીમાં સમાવેશ કરવા માટે યોગ્ય જણાય તેવી વ્યક્તિઓની ઉંમર અને લાયકાતો, એવી યાદી તૈયાર કરવાની, જાહેર કરવાની અને જાળવવાની કાર્યપદ્ધતિ અને એવી યાદી તૈયાર કરવા, જાહેર કરવા અને જાળવવા માટેની સમય મર્યાદા અને એવી યાદી જ્યાં સુધી અમલમાં રહે તે મુદ્દત, રાજ્ય સરકાર નિયમો દ્વારા નક્કી કરી શકશે.
- એવી યાદીમાં જેના નામનો ઉલ્લેખ કર્યો હોય તે દરેક વ્યકિત, નશાબંધી અધિકારી કે પોલીસ અધિકારી જણાવે તો પંચ સાહેદ તરીકે કામ કરવા બંધાયેલ રહેશે.

આ અધિનિયમ હેઠળ નોંધાયેલ ગુન્હાની તપાસ ઉપરોકત તમામ સૂચનાઓ મુજબ જ થાય તે સૂનિશ્ચિત કરવાની જવાબદારી થાણા અમલદારની રહેશે. આ ગુન્હાની ચાર્જશીટ કરતા પહેલા સુપરવાઈઝરી અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે, જેમા સુપરવાઈઝરી અધિકારીએ અત્રેની કચેરીએથી પરિપત્રિત થયેલ સૂચનાઓ મુજબ તપાસની ખરાઈ કરવાની રહેશે.

**બિડાણ**-એનેક્ષર-A.

**( શિવાનંદ ઝા )**
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**પ્રતિ,**
-તમામ પોલીસ કમિશનરશ્રીઓ, ગુ.રા.,
-તમામ રેન્જ વડાશ્રીઓ/સેકટર વડાશ્રીઓ, ગુ.રા.,
-તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ, ગુ.રા.,(પ.રે. અમદાવાદ/વડોદરા સહિત)
-તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ/મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ/વિભાગીય પોલીસ વડાશ્રીઓ, ગુ.રા., (સંબંધિત શહેર/જિલ્લા કંટ્રોલ રૂમ મારફતે)
-તમામ પોલીસ સ્ટેશન, ગુ.રા., (ઈમેલથી)

ANNEXURE- A



# THE GUJARAT PROHIBITION (PANCHA WITNESSES) RULES, 1979

CONTENTS

1.
2. Definitions.
3. Procedure for preparation, publication, maintenance etc. of list of Pancha witnesses under section 117-A.
4. Age and qualifications of pancha witnesses.

## THE GUJARAT PROHIBITION (PANCHA WITNESSES) RULES, 1979

*Notfn. No. GH/L/199(A)/BPA-1077/77545-M, Pub. in G.G.G., Ext., Pt. IV-B, dated 21-3-1979, p. 34.*

Whereas the draft rules were published as required by sub-section (3) of Section 143 of the Bombay Prohibition Act, 1949 at pages 827-829 of the *Gujarat Government Gazette*, Extra Ordinary, Part IV-B, dated the 26th October 1978 under Government Notification Labour, Social Welfare and Tribal Development Department No. GH/L/1008/BPA-1077/56130-M, dated 25th October 1978 inviting objections and suggestions from all persons likely to be affected thereby till 1st December, 1978;

And, whereas the objection and suggestion received from the public on the said draft has been considered by the Government;

Now, therefore, in exercise of the powers conferred by section 143 read with section 117A of the Bombay Prohibition Act, 1949 (Bom. XXV of 1949), the Government of Gujarat hereby makes the following rules, namely:-

**1.** These rules may be called the Gujarat Prohibition (Pancha Witnesses) Rules, 1979.

**2. Definitions**.-In these rules unless the context otherwise requires,-

(a) "Act" means the Bombay Prohibition Act, 1949;

(b) "advisory committee" means an advisory committee constituted under sub-rule (1) of rule 3;

(c) "section" means section of the Act.

**3. Procedure for preparation, publication, maintenance etc. of list of Pancha witnesses under section 117-A**.-(1) For the purpose of preparation & maintenance of list of Pancha witnesses, under section 117A, the gram panchayat, nagar panchayat, municipality or the municipal corporation as the case may be shall constitute an advisory committee consisting of such number of local persons as it may think

proper for inclusion of local persons to serve as pancha witnesses.

(2) If the Commissioner of Police or as the case may be, the District Superintendent of Police requests the gram panchayat, nagar panchayat, municipality or the municipal corporation to prepare the list of pancha witnesses for the purposes of section 117A, such gram panchayat, nagar panchayat, municipality or municipal corporation shall prepare such list with the advice of the committee referred to in sub-rule (1), consisting of such number of local persons as desired by the Commissioner of Police or the District Superintendent of Police within three months from the date of the receipt of such request. As far as possible the name of any woman may not be included in the said list. As soon as the list is prepared, it shall be sent by the gram panchayat, nagar panchayat, municipality or the municipal corporation to the Commissioner of Police or the District Superintendent of Police concerned.

(3) A copy of the list of pancha witnesses received by the Commissioner of Police or the District Superintendent of Police concerned shall be affixed at the office of the Commissioner of Police, or, at the office of District Superintendent of Police concerned as the case may be and every person whose name is included in the said list shall be informed in writing by the Commissioner of Police or the District Superintendent of Police, as the case may be, that his/her name has been included in the list and also be informed about the duties to be performed by him.

(4) The list of pancha witnesses so prepared shall remain in force for a period of three years from the date of its publication.

**4. Age and qualifications of pancha witnesses**. The person who may be included in the list of pancha witnesses shall not be—

(1) a police officer,

(2) a Prohibition officer,

(3) an insane person,

(4) below the age of 21 of years,

(5) a person who has not passed at least fourth standard examination; and

(6) a person who has been convicted at any time for an offence under the Bombay Prohibition Act, 1949 or under section 177, 181, 182, 187, 193, 302, 325, 332, 333, 376 or 464 of the Indian Penal Code, 1860.